**પ્રાંતિજના એડી.ચીફ.જયુડી. મેજીસ્ટ્રેટ (શ્રી એસ.એમ.શુકલ )સાહેબશ્રી ની કોર્ટમાં, મુ.પ્રાંતિજ.**

**<u>ફો.કે. નં. ૬૩૪/૨૦૨૬</u>**
**<u>આંક–</u>**

**<u>ફરીયાદી</u> : શ્રીસરકાર**

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી</u> : (૧) હરેશભાઇ મોતીભાઇ મારવાડી**
**રહે– ભાંખરીયા ટેકરા પ્રાંતિજ તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા.**
**(૨) વિલાસ વિજયભાઇ વાઘેલા**
**રહે– ભાંખરીયા ટેકરા પ્રાંતિજ તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા.**
**(૩) મેહમુદમીયા બાપરમીયા ઘોરી**
**રહે– સીરણવાસ પ્રાંતિજ તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા.**
**(૪) જગદિશ હરૂમલ સિંધી**
**રહે– પાડાની પોળ પ્રાંતિજ તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા.**
**<u>ગુનો – જુગારધારાની કલમ – ૧૨ મુજબ</u>**

**<u>–:ઠરાવ :–</u>**

૧. આરોપી વિરૂધ્ધ <u>જુગાર ધારા– ૧૨ મુજબ.</u> મુજબના ગુનાઓનો આરોપ મુકવામાં આવેલ છે.

૨. સદરહું કામે આરોપી હાજર થયા બાદ તેને પોલીસ પેપર્સની વિના મૂલ્યે નકલો આપી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાની કબુલાત કરી એક અલાયદી કબુલાત પુરસીસ આપેલ, જે કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોવાનું જણાતાં આરોપીને આક્ષેપિત ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૩. વધુમાં આ કામે ઉપરોકત હકીકત ઘ્યાને લીધી, કેસ પેપર્સ ઘ્યાને લીધા. આરોપીની કબુલાત અને આરોપી તર્ફે થયેલ રજુઆત તથા કબુલાત પુરસીસના કારણો ઘ્યાને લેતાં આરોપીનો આ પ્રથમ ગુનો છે, હવે પછી આવો ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે, આરોપી ગરીબ વર્ગનો છે તથા ગુનો કર્યાનો તેને પસ્તાવો અને અફસોસ કરે છે અને દયાની અરજ ગુજારેલ છે. વધુમાં, તમામ સંજોગો જોતાં આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા ગણી શકાય તેવા સંજોગો છે, તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે અને તે આધારે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તથા કાયદાનો સજા

કરવા પાછળનો સુધારાત્મક (રી–ફોરમેટીવ) હેતુને ધ્યાનમાં રાખી ન્યાયના હિતમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૫ મુજબ જુગારધારાની કલમ–૧૨ ના ગુના સબબ તક્સીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીએ રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) લેખે કુલ રૂા. ૪૦૦/– (અંકે રૂપિયા ચારસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ ઉપરોકત દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રોકડ રકમ અપીલ સમય બાદ શ્રી સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ ગંજી પત્તા પાનાનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
મુ.પ્રાંતિજ.

( સ્નેહલ મુદુલભાઇ શુકલ )
એડી.ચીફ.જયુડી. મેજીસ્ટ્રેટ ., પ્રાંતિજ.
(જજ કોડ નં.૦૧૩૮૩ )